# ROSHNI

Reaching Out to Serve Humanity with New Initiatives

Issue No 81

August 2026

PRABHAT EDUCATION FOUNDATION
AN ALTERNATIVE FOR THOSE WITH SPECIAL NEEDS





## અમારા વિષે :

પ્રભાત એજ્યુકેશન ફાઉન્ડેશન 2003થી અમદાવાદના વંચિત વર્ગના વિશિષ્ટ જરૂરિયાત ધરાવતા બાળકો / વ્યક્તિઓ સાથે કાર્ય કરે છે અને તેમની સામે આવતા માનસિક અને શારીરિક પડકારોને દુર કરવા તેમને તૈયાર કરે છે. અહી સંસ્થા સેન્ટર, સમુદાય આધારિત પુનર્વસન અને એડવોકસી દ્વારા નેટવર્કીંગ જેવા માધ્યમોથી વિવિધ પ્રવૃતિઓ કરે છે. એક બાળકથી શરૂઆત થયેલ આ સફરમાં આજે અમદાવાદમાં વિશિષ્ટ જરૂરિયાત ધરાવતા 3000થી વધુ વ્યક્તિઓ તેમજ તેમના પરિવારો અને સમુદાય સહભાગી બનેલ  છે.

Read More

## PROGRAM UPDATES

### 20 વર્ષની પ્રભાતના સ્થાપના દિવસની ઉજવણી..

વીસ વર્ષ પહેલા શારીરિક અને માનસિક વિકલાંગતા ધરાવતા બાળકો અને વ્યક્તિઓના સન્માન સાથે તેના વિકાસ માટેના અવસરો સુધી પહોચ વધુ અસરકારક બને તે હેતુથી શરુ થયેલી વિશ્વાસની સફરમાં આજે પહોચથી અવસર સુધી, સહયોગથી ભાગીદારી સુધી, સેવાથી સ્વતંત્રતા અને સમાવેશન સુધી સફર રહી છે. પ્રભાતે આ અવસરને પ્રભાત પરિવાર સાથે ઉજવણી કરીને ભવ્ય બનાવ્યું. સ્વાદિષ્ટ ભોજન સાથે મસ્તી અને સંસ્થાના મુલ્યોને મજબુત કરતી પ્રવૃતિઓ કરીને ઉજવવામાં આવ્યું. પ્રભાત આ અવસરે સ્વયંસેવકો, સ્વૈચ્છિક સંસ્થાઓ અને શૈક્ષણિક સંસ્થાનો , સમુદાય સંગઠનો,  સ્થાનિક સત્તાવાળાઓ, સરકારી વિભાગો, દાતાઓ, CSR ભાગીદારો એમ દરેક શુભેચ્છકોનો આભાર માને છે જેમણે પ્રભાતને આત્મવિશ્વાસ, જ્ઞાન, સંસાધનો, તકો અને હિંમત આપી છે.




## પ્રભાત સેન્ટર અપડેટ

### તહેવારોની ઉજવણીની ઝલક






### અસેસમેન્ટ




પ્રભાત દ્વારા છેલ્લા કેટલાક સમયથી સમુદાયના સર્વેની કામગીરી હાથ ધરવામાં આવી હતી જેનો આપણે ઉલ્લેખ પણ કરેલ! આ જ અનુસંધાને સમુદાયમાં ઓળખ થયેલ વિકલાંગતા ધરાવતા 38 બાળકોનું અસેસમેન્ટ માટે કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં સાયકોલોજીકલ, સ્પીચ, ફીઝીયોથેરાપી, અને આઈ ચેકઅપ સાથે અસેસમેન્ટ કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત, વિવિધ સરકારી સહાયની માહિતી અને તેના માટે જરૂરી માર્ગદર્શન પણ આપવામાં આવ્યું હતું.

## ઘરોબો

### સ્વતંત્રતા, ગૌરવ અને આત્મવિશ્વાસ તરફનું પગલું : સાધન સહાય કેમ્પ

ગતિશીલતા (મોબિલિટી) એ માત્ર એક જગ્યાએથી બીજી જગ્યાએ જવું નથી—તે સ્વતંત્રતા, ગૌરવ અને આત્મવિશ્વાસ સાથે જીવવાનો અધિકાર છે. આ જ ઉદ્દેશ્યથી પ્રેરિત થઈને, પ્રભાત એજ્યુકેશન ફાઉન્ડેશને ટાટા મેગના ઓટોમોટીવ સીટીંગ પ્રા.લિમિટેડના સી.એસ.આર. અને શ્રી ભગવાન મહાવીર વિકલાંગ સહાયતા સમિતિ, ઇન્દોર (જયપુર ફુટ સેન્ટર )ના સંયુક્ત સહયોગથી ૨૩મી ઓગસ્ટથી ૨૭મી ઓગસ્ટ દરમિયાન 'સહાયક સાધનો વિતરણ કેમ્પ'નું આયોજન કર્યું હતું.

સાધન સહાય કેમ્પ દરમિયાન વિકલાંગ 334 બાળકોને તેમની વ્યક્તિગત જરૂરિયાત મુજબ 505 જેટલી વ્હીલચેર, સી.પી. ચેર, કેલીપર્સ સહિતના સહાયક સાધનો વિનામૂલ્યે આપવામાં આવ્યા. ખાસ કરીને બહુવિધ વિકલાંગતા ધરાવતા બાળકો માટે નિષ્ણાતો દ્વારા સઘન મૂલ્યાંકન, ફીટીંગ બાદ અવલોકન અને વાલી સાથે પરામર્શ કરવામાં આવ્યો, જેથી બાળક માટે યોગ્ય અને આરામદાયક સાધન પસંદ થઈ શકે.





પ્રભાતના સ્પેશ્યલ એજ્યુકેટર અને ફિઝિયોથેરાપિસ્ટે વાલી અને ટેકનિકલ નિષ્ણાતો વચ્ચે સેતુરૂપ બની જરૂરી માર્ગદર્શન આપ્યું. સાથે જ 'સહઅસ્તિત્વનાં ડગલાં' નામની સાપ-સીડીની ઇન્ટરેક્ટિવ પ્રવૃત્તિ દ્વારા વાલીઓ સાથે સમાવેશ, સ્વીકાર અને સકારાત્મક અભિગમ અંગે સંવાદ કરવામાં આવ્યો. આમ, કેમ્પ માત્ર સાધન વિતરણ પૂરતો સીમિત ન રહી, પરંતુ બાળકની જરૂરિયાત, પરિવારના સશક્તિકરણ અને સમાવેશી સમાજ તરફનું એક મહત્વપૂર્ણ હસ્તક્ષેપ બન્યું.

### સહાયક સેવાઓ

આ મહિને નીચેના દસ્તાવેજો પર પ્રક્રિયા કરવામાં આવી હતી

- મેડિકલ સર્ટિફિકેટ : 03
- સ્ટેટ ટ્રાન્સપોર્ટેશન ઓનલાઈન : 08
- પેન્શન ફોર્મ : 02
- સાધન સહાય સહાયક ઉપકરણો: 07

## એડવોકસી અને નેટવર્કિંગ

### નેટવર્કિંગ

### બાળકોના પોષણયુક્ત આહાર માટે 'રાઇસ અગેન્સ્ટ હંગર': પ્રભાતના મહત્વના સહયોગી



પોષણયુક્ત આહાર બાળકોના સર્વાંગી વિકાસ માટેની પ્રાથમિક જરૂરિયાત છે. આ જરૂરિયાતને ધ્યાનમાં રાખીને પ્રભાતે બાળકોને પોષણયુક્ત બપોરનું ભોજન મળી રહે તે માટે કિચન સર્વિસ શરૂ કરી હતી. આ પ્રયાસમાં સમયાંતરે વિવિધ દાતાઓ અને સંસ્થાઓનો સહયોગ મળતો રહ્યો છે. આ જ સહયોગની કડીમાં 'રાઇસ અગેન્સ્ટ હંગર' છેલ્લા ૩ વર્ષથી પ્રભાતને પોષણયુક્ત ખીચડીના પેકેટ્સ ઉપલબ્ધ કરાવે છે. આ ખીચડીમાં ચોખા, વિવિધ દાળ અને સોયાબીનનું મિશ્રણ, સૂકવેલાં શાકભાજી તેમજ વિટામિન અને મિનરલ્સથી ભરપૂર માઇક્રોન્યુટ્રિએન્ટ પેકેટનો સમાવેશ થાય છે. આ મહીને ફરી પ્રભાતને 90 થી ઉપર પેકેટ્સ નું વિતરણ કરવામાં આવ્યું હતું જેનો પ્રભાત અંત:કરણથી આભાર માને છે.

## મુલાકાતીઓ પર નજર



નેક્સ્ટ એજ્યુકેશન ઇન્ડિયા પ્રાઇવેટ લિમિટેડના પ્રતિનિધિ દ્વારા  પ્રભાતના ભાઈપુરા સેન્ટરની મુલાકાત લીધી હતી. આ મુલાકાત દરમિયાન તેમને પ્રભાત દ્વારા ચાલતા વિવિધ કાર્યક્રમો અને સેન્ટર ખાતે થતી પ્રવૃત્તિઓ વિશે વિગતવાર માહિતી આપવામાં આવી હતી તથા આ અંગે સઘન ચર્ચા કરવામાં આવી હતી.

## એક દિન પ્રભાત કે નામ



સમુદાયની ભાગીદારી દર્શાવતા, અરહમ સેવા ગ્રુપે બાળકો સાથે રમતો રમીને, સાથે ભોજન કરીને તથા અને પુસ્તકોનું વિતરણ કરીને પ્રભાતના બાળકો સાથે ગુણવત્તા યુક્ત સમય પસાર કર્યો. આ વોલીયન્ટીયર નું જૂથ છે આવા કાર્યો કરી સામાજિક જવાબદારી નિભાવે છે.

## ઇન્ટર્નશીપ



NID વિદ્યાર્થી મનસ્વીએ એક બાળ-કેન્દ્રિત ડિજિટલ એપ્લિકેશન વિકસાવી છે જે ચિત્રકામ, લેખન, વાણી અને રમતનો ઉપયોગ કરીને ભાષા, સંદેશાવ્યવહાર, જ્ઞાનાત્મક અને મોટર વિકાસને ટેકો આપતી ઇન્ટરેક્ટિવ શીખવાની તકો બનાવે છે. આશિષ અને આયુષ સાથે ઘરે મુલાકાત સહિત, પ્રભાતના બાળકો સાથે તેમના પ્રતિભાવ અને ઉપયોગિતાને સમજવા માટે એપ્લિકેશનનું પરીક્ષણ કરવામાં આવ્યું હતું. બાળકોએ ખાસ કરીને રંગબેરંગી, ચિત્રકામ-આધારિત પ્રવૃત્તિઓનો આનંદ માણ્યો અને મનસ્વીને વધુ સુધારણા માટે ઉપયોગી વિચારો પ્રદાન કર્યા. તે એપ્લિકેશન વિકસાવવાનું ચાલુ રાખશે.

## જાગૃતિ કાર્યક્રમ - આશાવર્કર બહેનો સાથે ગોષ્ઠી



આશા વર્કર બહેનો સીધી સમુદાય અને પરિવારો સાથે જોડાયેલી હોય છે. તેમની સાથેની આ ભાગીદારીથી પ્રભાત સઘન રીતે સમુદાય સુધી પહોંચી શકે છે. તેથી સમયાંતરે તેમની સાથે જાગૃતિ લક્ષી બેઠકો કરવામાં આવે છે. આ મહીને બાપુનગર અર્પબન હેલ્ણથ સેન્ટર અને જામફળવાળી અર્બન હેલ્થ સેન્ટરમાં કરવામાં આવી. બાળકમાં અતિ મહત્વના શરૂઆતના સમયમાં જ તકલીફની ઓળખ થાય પરિવારોને યોગ્સાય સમયે માર્ગોગદર્શન મળી રહે તે ઉદેશ્ય સાથે સમાજમાં દિવ્યાંગતાને લઈને જાગૃતિ અને  હકારાત્મક અને નવો અભિગમ ઊભો કરવાનો પ્રયાસ છે.

## બડી ઈન્ટરેક્શન

 'રિવરસાઇડ સ્કૂલ'ના છઠ્ઠા ધોરણના વિદ્યાર્થીઓ મુલાકાતના થોડા જ દિવસ બાદ, વર્ષોથી ચાલતી એક સુંદર પરંપરાના ભાગરૂપે, વિદ્યાર્થીઓએ પ્રભાત ટીમના સભ્યો કશ્મીરાબેન, જાગૃતિબેન અને કથા માટે 'કોફી એટ રિવરસાઇડ'નું આયોજન કર્યું હતું. આ એક કલાકનો સંવાદ સંસ્થાની સંસ્કૃતિ, તેના મુખ્ય વિચારો અને સમાજ પર તેની સકારાત્મક અસરો પર આધારિત હતું. પ્રભાતના ઇતિહાસ વિશે અગાઉથી ઊંડો અભ્યાસ કરીને આવેલા આ વિદ્યાર્થીઓએ પ્રભાતની દૈનિક પ્રવૃતિઓ પ્રભાત જે બાળકો સાથે કામ કરે છે અને સર્વસમાવેશી અભિગમ પાછળના ભાવ વિશે ખૂબ જ સચોટ અને વિચારપ્રેરક પ્રશ્નો પૂછીને ચર્ચાને જીવંત બનાવી હતી.



આ બેઠકે સમાન વિચારસરણી ધરાવતા લોકો સમક્ષ સંસ્થાનો દ્રષ્ટિકોણ રજૂ કરવાનું એક મજબૂત માધ્યમ પૂરું પાડ્યું. આ પરસ્પર સંવાદથી વિદ્યાર્થીઓમાં વિકલાંગતા ધરાવતા વ્યક્તિઓના અધિકારો અને સામાજિક સહયોગ પ્રત્યેની સમજ વધુ ઊંડી થઈ છે, જે આગામી સમયમાં તેમના પ્રભાત સંસ્થા સાથેના પ્રોજેક્ટ કાર્ય માટે એક મજબૂત આધાર તૈયાર કરશે.

## ઉમ્મીદ સંસ્થા સાથે ચાઈલ્ડ ડેવલપમેન્ટ એસોસિએટ કોર્ષનો અંતિમ પડાવ

ઉમ્મીદ ચાઈલ્ડ ડેવલોપમેન્ટ દ્વારા ચાઈલ્ડ ડેવલપમેન્ટ એસોસિએટ થવાના કોર્ષની બે મહિનાની ઓનલાઈન તાલીમનો અંતિમ પડાવ પ્રભાતના ભાઈપુરા કેમ્પસ ખાતે પ્રેક્ટિકલ સેશન સાથે પૂર્ણ થયો. જેમાં બાળક સાથે ખેલ આધારિત અસેસમેન્ટ, સંભાળકર્તા સાથે ગોલ સેટિંગ અને ત્યારબાદ, આયોજન વગેરની ઊંડાણપૂર્વકની સમજ વિકસિત થાય તે માટે પ્રેક્ટીકલ સેશન કરવામાં આવ્યા. પ્રેક્ટિકલ અનુભવના કારણે ટીમની સમજ વધુ સચોટ અને વ્યવહારુ બની.

આ ઉપરાંત, આફ્રિકન વિચારધારા પર આધારિત ‘ઉબુન્ટુ’ અભિગમને બાળકના વિકાસની સફરમાં કેવી રીતે સમાવિષ્ટ કરી શકાય તે અંગે પણ પ્રેક્ટિકલ સેશન યોજાયું.

ઉબુન્ટુનો સરળ અર્થ છે—‘હું છું કારણ કે આપણે છીએ.’ આ વિચાર બાળકના વિકાસની યાત્રામાં માત્ર બાળક કે પરિવાર પૂરતો સીમિત ન રહેતાં, સમગ્ર સમુદાયને સાથે લઈને આગળ વધવા પર ભાર મૂકે છે.


પ્રભાત આ અભિગમ સાથે પહેલેથી જ કાર્ય કરી રહ્યું છે, પરંતુ આ તાલીમ દ્વારા તેની પદ્ધતિને વધુ અસરકારક અને સંવેદનશીલ રીતે અમલમાં મૂકવાની સમજ વધુ મજબુત બની છે. આ સાથે પ્રભાતની ટીમમાં જોડાયેલા નવા ૯ સ્પેશ્યલ એજ્યુકેટર્સ માટે ટૂંકાગાળાની તાલીમનું પણ આયોજન કરવામાં આવ્યું, જેથી તેઓ બાળકો સાથેના કાર્યને વધુ આત્મવિશ્વાસ અને સમજ સાથે આગળ ધપાવી શકે.



## મિતાંશની સફર — પોતાના પગે ઊભા થવાથી પોતાના શબ્દો સુધી

ત્રણ વર્ષનો મિતાંશ જ્યારે પહેલીવાર પ્રભાતમાં આવ્યો, ત્યારે Down Syndromeને કારણે તેના સ્નાયુઓમાં નબળાઈ અને બોલવામાં મુશ્કેલી અનુભવતો હતો. મિતાંશ માટે પોતાના શરીરનું સંતુલન જાળવવું, પોતાની જાતે પગલાં ભરવા અને પોતાની વાત અન્યને શબ્દો દ્વારા કહેવા માટે  સાંકેતિક ભાષા જ માધ્યમ હતું.  પ્રભાતમાં આવતા જ તેનો ઓબ્સર્વેશનનો સમય પૂર્ણ થયા બાદ, ફિઝિયોથેરાપી અને સ્પીચ થેરાપીના અસેસમેન્ટ બાદ, તેને આધારે તેનું ગોલ સેટિંગ કરી થેરપીનું આયોજન કરવામાં આવ્યું. શરીરને મજબૂત બનાવવું, સંતુલન જાળવવું અને રમતાં રમતાં અવાજો તથા શબ્દો સાથે પરિચય એ રીતે કાર્ય કરવામાં આવ્યું.







સમય જતાં, યોગ્ય થેરાપી અને ઘરના પ્રેમ અને સહકાર ભર્યા વાતાવરણ ને પરિણામે અસરકારક પરિણામ નજરે દેખાવા લાગ્યું. જે પગલાં ક્યારેક સંકોચ સાથે ભરાતા હતા, એ હવે આત્મવિશ્વાસથી ભરાવા લાગ્યા. ક્લાસમાં પોતાની જાતે ચાલવાથી લઈને ઘરે ભાઈ બહેન સાથે રમતો થયો છે.

બીજી તરફ, સ્પીચ થેરાપીએ તેની મૌન દુનિયામાં શબ્દો ઉમેરવાનું શરૂ કર્યું. શરૂઆતની અચકાટ અને અલગ થવાની ચિંતા ધીમે ધીમે ઓછી થઈ અને સુરક્ષિત વાતાવરણમાં મિતાંશ પોતાની રીતે જોડાવા લાગ્યો. આજે તે બે અક્ષરના સરળ, અર્થસભર શબ્દો બોલીને પોતાની રોજિંદી જરૂરિયાતો પરિવાર સુધી પહોંચાડી શકે છે—તેના પરિવાર માટે આ નાનકડા શબ્દો પણ ખૂબ મોટી ખુશી છે.

આ સફરમાં મિતાંશના માતા-પિતાની ભૂમિકા પણ એટલી જ મહત્વની રહી. પ્રભાતના શિક્ષકો અને થેરાપિસ્ટ્સે તેમને ઘરેથી કરી શકાય તેવી સરળ કસરતો અને પ્રવૃત્તિઓ શીખવી, જેથી થેરાપી માત્ર સેન્ટર સુધી સીમિત ન રહે, પરંતુ રોજિંદા જીવનનો ભાગ બને. આજે મિતાંશના માતા-પિતા તેની આગળની સફર તરફ વધુ આત્મવિશ્વાસથી જુએ છે—તે પોતાના સમવયસ્ક બાળકો સાથે સ્થાનિક આંગણવાડીમાં સહજતાથી જોડાય, એ તેમનું આગળનું સપનું  છે.



ROSHNI is not for sale and for private circulation only.

*Copyright © 2024 Prabhat Education Foundation. All rights reserved.*